## (1) ભારતના પહલ (PAHAL) પ્રોજેક્ટ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનું પૂરું નામ Project for Affordable Healthcare Access and Longevity છે.
(2) આ પ્રોજેક્ટ શહેરી તથા ગ્રામીણ ગરીબ પરિવારો સાથે સંકળાયેલો છે.
(3) ભારતમાં આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ 2020 સુધીમાં 1 કરોડ ગરીબો સુધી પહોંચવાનો છે.
(4) આ પ્રોજેક્ટ દ્વારા ‘આઉટ ઓફ પોકેટ’ ખર્ચમાં 30%ની બચત થશે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ ‘પહલ’ એ USAID અને ‘IPE ગ્લોબલ’નો સંયુક્ત પ્રોજેક્ટ છે. USAIDનું પૂરું નામ 'United States Agency for International Development' છે.

⇛ તાજેતરમાં USAID દ્વારા ભારતના પહલ પ્રોજેક્ટ માટે 3 મિલિયન ડોલર આપવાની જાહેરાત કરવામાં આવી છે.

⇛ PAHALનું પૂરું નામ 'Partnerships for Affordable Health Care Acccess and Longevity' છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ પ્રોજેટકનો ઉદ્દેશ શહેરી ગરીબોને ગુણવત્તાસભર અને પોષાય તેવી કિંમતે આરોગ્ય સેવાઓ પહોંચાડવાનો છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ ભારતમાં આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ 2020 સુધીમાં 1 કરોડ ગરીબો સુધી પહોંચવાનો છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ પ્રોજેક્ટ દ્વારા લોકોના ‘આઉટ ઓફ પોકેટ’ ખર્ચમાં 30%ની બચત થઈ શકશે. (આથી, વિધાન (4) સાચું છે.)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) R & D Statistics and Indicators 2019-20 રિપોર્ટ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ રિપોર્ટ મુજબ R & D નું મુખ્ય વાહક ખાનગી ક્ષેત્ર રહ્યું છે.

(2) R & D પરનો કુલ ખર્ચ 2008થી 2018 દરમિયાન ત્રણ ગણો થયો છે.

(3) ભારતે 2017-18માં R & D પર GDPના 1.1% રકમ જેટલો ખર્ચ કર્યો છે.

(4) વિજ્ઞાન અને એન્જિનિયરીંગ ક્ષેત્રે Ph.D. કરનારમાં ભારતનો ક્રમ ત્રીજો છે.

(A) માત્ર (1) અને (2)  (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3)  (D) માત્ર (2) અને (4)

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં Research & Development (R & D) Statistics and Indicators 2019-20 પરનો રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે.

⇛ આ રિપોર્ટ 'રાષ્ટ્રીય વિજ્ઞાન અને ટેક્નોલોજી સર્વે 2018' પર આધારિત છે.

⇛ આ રિપોર્ટ મુજબ, R & Dના વિકાસ માટેનું મુખ્ય વાહક જાહેર ક્ષેત્ર રહ્યું છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ ભારતમાં R & D પરનો કુલ ખર્ચ વર્ષ 2008થી 2018 દરમિયાન ત્રણ ગણો થયો છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ ભારતના માથાદીઠ R & D ખર્ચ પણ 1.5 ગણો વધ્યો છે.

⇛ ભારતે વર્ષ 2017-18માં R & D પર GDPના 0.7% રકમ જેટલો ખર્ચ કર્યો છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ ભારતના વિજ્ઞાન તથા એન્જિનિયરીંગ ક્ષેત્રે Ph.D. કરનાર લોકોની સંખ્યા મુજબ ભારતનો ક્રમ ત્રીજો છે. જ્યારે પ્રથમ ક્રમ યુ.એસ.નો અને બીજો ચીનનો છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (3) ઓપન બજેટ સર્વે 2019 વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ સર્વે ઈન્ટરનેશનલ બજેટ પાર્ટનરશીપ દ્વારા જાહેર કરવામાં આવ્યો છે.

(2) આ સર્વે દર બે વર્ષે પ્રસિદ્ધ થાય છે.

(3) આ સર્વેમાં 117 દેશનું મૂલ્યાંકન કરવામાં આવે છે.

(4) આ વર્ષના સર્વેમાં ન્યુઝીલેન્ડનો પ્રથમ ક્રમ આવ્યો છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ઈન્ટરનેશનલ બજેટ પાર્ટનરશીપ દ્વારા ઓપન બજેટ સર્વે 2019 પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ સર્વે વિશ્વના વિવિધ દેશોની કેન્દ્ર સરકાર દ્વારા પ્રસિદ્ધ થતાં બજેટ ડોક્યુમેન્ટનું મૂલ્યાંકન કરે છે. ઉપરાંત તે સમયસર રીતે લોકો સુધી પહોંચે છે કે નહીં તથા તેમાં પૂરતી માહિતી આપવામાં આવી છે કે નહીં, જેવી બાબતોની નોંધ લે છે.

⇛ આ સર્વે દર બે વર્ષે પ્રસિદ્ધ કરવામાં આવે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ સર્વેમાં 117 દેશના બજેટનું મૂલ્યાંકન કરવામાં આવે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ સર્વેમાં 0થી 100 ગુણ આપવામાં આવે છે.

⇛ આ વર્ષે 87 અંક સાથે ન્યુઝીલેન્ડ પ્રથમ ક્રમે આવ્યું છે. ભારતનો ક્રમ 53મો આવ્યો છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) 'ડેમો-2' મિશન વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ મિશન નાસા તથા SpaceXનું છે.
(2) આ મિશનમાં SpaceXના 'ક્રુ ડ્રેગન' સ્પેસક્રાફટનો ઉપયોગ કરવામાં આવશે.
(3) આ અંતર્ગત અવકાશયાત્રીઓને 'ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન' પર મોકલવામાં આવશે.
(4) આ અંતર્ગત અવકાશયાત્રીઓ એક વર્ષ સુધી 'ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન' પર રહેશે.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (3) અને (4)
(C) માત્ર (2) અને (4) (D) માત્ર (1), (3) અને (4)

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ 27 મે 2020ના 'ડેમો-2' મિશન માટે નાસા તથા SpaceX તૈયારી કરી રહ્યા છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ મિશન કેનેડી સ્પેસ સેન્ટર પરથી લોન્ચ કરવામાં આવશે.

⇛ આ મિશનમાં અવકાશયાત્રીઓને ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર મોકલવામાં આવશે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ અવશકાશયાત્રીઓ પછીના મિશનના સમયગાળા મુજબ આશરે 1 થી 4 મહિના સુધી ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર રહેશે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ આ મિશન માટે SpaceXના ક્રુ ડ્રેગન (Crew Dragon) સ્પેસક્રાફ્ટનો ઉપયોગ કરવામાં આવશે. (આથી, વિધાન (2) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) કાશ્મીર સેફ્રોન વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તાજેતરમાં તેને GI ટેગ મળેલ છે.

(2) તેની ખેતી જમ્મુ–કાશ્મીરના ‘કારેવા’ વિસ્તારમાં થાય છે.

(3) આ સેફ્રોનમાં ક્રોસીનનું પ્રમાણ વધુ હોય છે.

(4) આ સેફ્રોનના 3 અલગ પ્રકાર ઉપલબ્ધ છે.

(A) માત્ર (1) અને (2)

(B) માત્ર (1), (2) અને (4)

(C) માત્ર (2), (3) અને (4)

(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં કાશ્મીર સેફ્રોનને GI ટેગ મળેલ છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ વિશ્વમાં કાશ્મીર સેફ્રોનનો મુખ્ય ઉપયોગ મસાલા તરીકે થાય છે.

⇛ તેનો ઉપયોગ કોસ્મેટીક તથા મેડીકલમાં પણ કરવામાં આવે છે.

⇛ આ સેફ્રોન જમ્મુ–કાશ્મીરના ઉચ્ચા વિસ્તાર કે જેને ‘કારેવા’ તરીકે ઓળખવામાં આવે છે ત્યાં ઉગાડવામાં આવે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ તે વિશ્વના એકમાત્ર સેફ્રોન છે જેને સમુદ્ર સપાટીથી 1600થી 1800 મીટરની ઊંચાઈએ ઊગાડવામાં આવે છે.

⇛ આ સેફ્રોનમાં ક્રોસીન અને સેફ્રાનલનું પ્રમાણ વધુ હોય છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ કાશ્મીરમાં 3 પ્રકારના સેફ્રોન જોવા મળે છે. (1) લચ્છા (2) મોંગ્રા અને (3) ગુછ્છી. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE
icerajkot

## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
*like* | *comment* | *share*
ICE RAJKOT

twitter
ICE RAJKOT